ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૨.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૯૨ ટકા

# હવે શાળા-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવા માંગ

## વાઇબ્રન્ટ સમિટ મોકુફીના સરકારના નિર્ણયને આવકારતું શહેર વસાહત મહાસંઘ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસોને પગલે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલા વાઈબ્રન્ટ સમિટને મોકુફ રાખવાના નિર્ણયને શહેર વસાહત મહાસંઘ દ્વારા આવકારવામાં આવ્યો છે. આ સાથે વસાહત મહાસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીને પોતાનો અહમ અને જીદ છોડી બાળકોના ભાવિ આરોગ્યનો ખ્યાલ રાખી તાકીદે શાળા કોલેજો બંધ કરવાનો જનહિતનો નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે 'રાજ્ય સરકારે મોડે મોડે પણ વસાહત મહાસંઘની માંગણી સ્વિકારી અને જનહિતમાં વાઈબ્રન્ટ સમિટ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે તે બદલ મહાસંઘ આભારી છે અને સરકારના નિર્ણયને આવકારે છે. આ સાથે હવે વસાહત મહાસંઘની અન્ય એક માંગણી અનુસાર શાળા-કોલેજોને બંધ કરવાનો પણ નિર્ણય લેવો જોઈએ. મોટા શહેરો તથા અમુક વિસ્તારમાં કોરોના સહિત તેના ઓમિક્રોન વેરિયન્ટના કેસો દિન પ્રતિદિન રોકેટ ગતિએ વધી રહ્યાં છે જેના લીધે શહેરો અને રાજયમાં અન્ય નાગરિકો પણ સંક્રમિત થતા જાય છે. આમ છતાં અત્યારે રાજ્યની તમામ સ્કૂલો ચાલુ છે અને વિદ્યાર્થીઓ ઘરેથી પોતાની રીતે અથવા સ્કૂલ વાહનોમાં ઘેટાબકરાંઓની જેમ ખીચોખીચ બેસીને સ્કુલે જતાં હોય છે જેમાં સરકારની કોવિડ ગાઈડલાઈનનું પણ પાલન થતું નથી જેના કારણે બાળકો સંક્રમિત થવાનો સંભવ રહેલો છે. જો કોઈ એક વિદ્યાર્થી પહેલેથી જ સંક્રમિત હોય અને જો તેનો તેને ખ્યાલ નહીં હોય તો જ્યારે તે કલાસ રૂમમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે બેસે ત્યારે તેની સાથે બેઠેલા હોય તમામને કોરોના વાયરસનો ચેપ લાગી શકે છે. આ ઉપરાંત બાળકો સ્કુલમાં સવારે આવે અને સાંજે ઘરે પરત જાય ત્યાં સુધી તેમને સતત માસ્ક પહેરવાને કારણે ઓક્સિજન લેવામાં મુશ્કેલી તથા અન્ય ઈન્ફેકશનની તકલીફ થઈ શકે છે. વળી, સ્કુલમાં કોરોનાના ડરને કારણે બાળકોને સતત માનસિક ટેન્શન રહ્યાં કરે છે જેના કારણે તેઓ યોગ્ય રીતે ભણી પણ શકતા નથી. ધોરણ ૧થી ૮ના બાળકોને સરકાર દ્વારા કોવિડ રસીનો ડોઝ પણ આપવામાં આવ્યો નથી અને સતત વધતા જતા કેસોને કારણે સ્કુલના બાળકો સંક્રમિત થાય નહીં અને ગત વર્ષની જેમ બેદરકારીને કારણે રાજ્યના અનેક નાગરિકોનો ભોગ લેવાયો તેનું પુનરાવર્તન થાય નહીં અને સ્કુલના બાળકો સંક્રમિત થઈ જીવલેણ રોગનો ભોગ બને નહીં તેની અગમચેતીના ભાગરૂપે રાજયની શાળા કોલેજો બંધ રાખવામાં આવે તેવી ગાંધીનગર શહેરના નાગરિકોની લોક લાગણી છે.'

**જન્મદિને વધામણી**



અંકિતા ભીમસેન



પરમાર ગીતાબેન પ્રતાપસિંહ



સોની અદ્વૈત એસ.



ઉત્તરાયણ નજીક આવતા દાન-પુણ્યનો મહિમા વધ્યો છે. રખડતા શ્વાનો માટે સેકટર-૫-સીની મહિલાઓએ લાડુ બનાવ્યા હતા અને શ્વાનોને ખવડાવ્યા હતા.

# શેઠ સી.એમ. હાઈસ્કૂલને ફરી જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ

## એવોર્ડ સાથે શાળાને રૂ.૧ લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરાયો



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેના કડી સંકુલની શેઠ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ સાથે શાળાને રૂ.૧ લાખનો રોકડ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ સાથે રૂ.૧ લાખનો રોકડ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભરત વાઢેરના હસ્તે શાળાના આચાર્યા ડો.ચેતના અરૂણ બુચને શાલ ઓઢાડીને સન્માનિત કરવા સાથે એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સ્વીકારવાની સાથે આચાર્યા ડો. ચેતના બુચે જણાવ્યું હતું કે, 'આ સન્માન એ સમગ્ર શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ શાળા પરિવારના શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનું સન્માન છે.' આ સાથે તેમણે રાજીપો વ્યક્ત કરતાં એમ પણ જણાવ્યું હતું કે, 'ટૂંકા ગાળામાં શાળાને બીજી વખત શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ પ્રાપ્ત થયો છે જે શાળા પરિવાર માટે ખૂબ જ ગૌરવ અને આનંદની બાબત છે.' આ સિદ્ધિ માટે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ તેમજ મંડળના ટ્રસ્ટીઓએ આચાર્ય ડો.ચેતના બુચ અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યાં હતાં.

# કોલવડાની કે.કે. વિદ્યાલયમાં ૨૯૦ વિદ્યાર્થીઓનું વેકિસનેશન



ગાંધીનગર, તા.૬

શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે કોવિડ ૧૯ હેઠળ વેક્સિનેશન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. શાળાના ૧૫ થી ૧૮ વર્ષના તમામ બાળકોને સરકારશ્રીના આદેશ અનુસાર તેમાં આવરી લેવામાં આવ્યા હતા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૨૯૦ બાળકોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોલવડાની પૂરેપૂરી ટીમદ્વારા ૧૧ થી ૫ દરમ્યાન કો-વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વેક્સિન લેનાર તમામ બાળકોને શાળા દ્વારા બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# એસ.એસ.વી. શાળામાં શિક્ષકો માટે મેડિટેશનની પ્રવૃત્તિ યોજાઈ



મેડિટેશન એટલે ધ્યાન, સભાનતા કે ચેતનાને કેન્દ્રિત કરાવાની ક્રિયા એટલે ધ્યાન. તે મનોશારિરીક ક્રિયા છે. ધ્યાન વગર એકાગ્રતા શકય નથી. દરરોજ સવારે ધ્યાનમાં બેસવાથી આખા દિવસ કામ કરવાની સ્ફુર્તી આવી જાય છે. આ સિવાય પણ ધ્યાન કરવાના ઘણા ફાયદા છે. બાળકોને ધ્યાન (મેડિટેશન)ના આ ફાયદાની સમજ હોતી નથી.જેથી શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓને મેડિટેશનની સમજ આપી શકે તે માટે ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળામાં મેડિટેશનની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં જ્યોતીબેન ગોસ્વામી એ મેડિટેશનની રીત અને તે કરવાના ફાયદા વિષેની સમજ આપી. જેમાં શાળાના ટ્રસ્ટ્રીશ્રીઓ તથા શિક્ષકો એ પણ આ પ્રવૃત્તિમાં ભાગ લઈ તેના ફાયદાનો અનુભવ કર્યો હતો.

આજના સમયમાં કોરોનાનો વ્યાપ સતત વધી રહ્યો છે ત્યારે ત્રીજી લહેરમાં બાળકો તેમજ વિદ્યાર્થીઓને વધુ જોખમ છે જે થકી આવનાર સમયમાં બાળકોનું સ્વાસ્થ્ય જોખમમાં છે. વિદ્યાર્થીના હીતમાં વિચારતી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક દ્વારા ડિપ્લોમા ઈજનેરીના ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે કોરોના વેકિસનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી સ્વાસ્થ્ય કર્મચારીઓએ કોલેજના બાકી રહી ગયેલા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓનું સંપૂર્ણ વેકિસનેશન કરવામાં આવ્યુંહતું. આમ ડિપ્લોમા એન્જિનિયરીંગ કોલેજમાં સૌ પ્રથમ ૧૦૦ ટકા વેકિસેશન કરવામાં આવ્યું છે.



# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં રમતોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પૂજય સ્વ.દાસકાકા શિયાળુ રમતોત્સવ યોજાયો હતો. જેમાં રમતોના ઉદઘાટન પ્રસંગે શાળાના ડાયરેકટર શ્રી . વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને પ્રવજલિત જયોતને પકડીને રમતોત્સવ ખુલ્લો મૂકયો હતો. શાળાની આશરે ૨૮૦ વિદ્યાર્થીનીઓએ ૧૦૦ મીટર દોડ, કોથળાદોડ, ગોળાફેંક, સંગીત ખુરશી, દોરડાકૂદ તથા દડાફેંક જેવી રમતોમાં ભાગ લીધો હતો. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી તથા સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલે આભારવિધિ કરી હતી.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકો દ્વારા ફ્રુટ ડે ની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ શાકભાજી અને ફળોની માહિતી આપવામાં આવી હતી અને તેનાથી થતા ફાયદા અને રંગ વિશેની જાણકારી બાળકોને આપવામાં આવી હતી. બાળકો અને વાલીઓએ ઓનલાઈન/ઓફલાઈન ઉત્સાહ પૂર્વક તેમાં ભાગ લીધો હતો.

# અંધશાળા ખાતે આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૬

સમગ્ર વિશ્વમાં ૪ જાન્યુઆરી આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિન તરીકે ઉજવાય છે તે અનુસંધાને ગાંધીનગર અંધશાળા ખાતે પણ આ દિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટીના મદદનીશ પ્રાધ્યાપિકા ઝરણાબેન મહેશ્વરી, પોલીટેકનીક કોલેજ અમદાવાદમાં પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવતા સોનલબેન મહેતા અને આજ સંસ્થાના અભ્યાસ કરેલ દિકરી દક્ષાબેન તડવી જે હાલમાં તલોદમાં પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવે છે અને સંસ્થાના કમ્પ્યુટર શિક્ષક તરીકે ફરજ બજાવતાં કલ્પેશભાઈ નિમ્બાડકર જેમણે હાલમાં બ્લાઈન્ડ ઈન્ડિયન ક્રિકેટ ટીમ વતી રમી મેન ઓફ ધી સીરીઝ મેળવ્યું છે તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દિવસે સંસ્થામાં કિવઝ સ્પર્ધાનું આયોજન તેમજ બાળકો માટેના યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓને રોકડ પારિતોષિક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુએસએથી પધારેલ મહેમાન રમેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ તેમજ કોર્પોરેટર પ્રેમલતાબેન મહેરિયા અને શૈલાબેન ત્રિવેદી તેમજ નિવૃત્ત રમત ગમત અધિકારી દત્તા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી જયંતિભાઈ બી. પટેલ કે જેઓને હાલમાં આંતરરાષ્ટ્રીય હેલનકેલર એવોર્ડ મળેલ છે તેઓનું પણ સંસ્થાના કર્મચારી મિત્રો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

# સરસ્વતી વિદ્યાલય ખાતે પ્રકૃતિ સંલગ્ન ચિત્ર ઉત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૬

સેકટર-૬-બીમાં સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ ૧ થી ૭માં ચિત્ર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪નાં વિદ્યાર્થીઓને પ્રકૃતિથી સંલગ્ન તેવા ચિત્રો દોરીએ તેમાં રંગ પૂરવાનું તેમજ ધોરણ ૫ થી ૭માં વિદ્યાર્થીઓને કાગળમાંથી જાતે જ પતંગ બનાવી તેમાં રંગ પૂરવાનો કાર્યક્રમ યોજાયો હતો. બાળકોના આ પ્રિય વિષય ચિત્રમાં વિદ્યાર્થીઓ હોંશે હોંશે જોડાયા હતા. તમામ બાળકોએ દરેક સ્પર્ધામાં ઉમંગ અને ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. દરેક બાળકે પોતાનું મનપસંદ ચિત્ર દોરી તેમાં ખૂબ જ સુંદર રંગો પૂર્યા હતા. ઉત્સવ દરમિયાન શાળાના આચાર્યશ્રી તેમજ શાળાના તમામ શિક્ષકશ્રીઓએ બાળકોનો ઉત્સાહ વધારવા પ્રશંસાયુકત વાક્યો કહ્યા હતા. સ્પર્ધા પૂરી થતાં તમામ બાળકોને ભાગ લેવા બદલ અભિનંદન આપ્યા હતા.

# રેડીયન્ટ સ્કૂલમાં ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને કોવિડ-૧૯ વેકિસન અપાઈ



ગાંધીનગર, તા.૬

રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં વિદ્યાર્થીઓને કોવિડ-૧૯ વેકિસન આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૫થી ૧૮ વર્ષની વયજૂથમાં આવતા તમામ બાળકોને કોવિડ-૧૯ની રસી આપવાની ઝુંબેશ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના આયોજન અને દેખરેખ હેઠળ અર્બન હેલ્થ સેન્ટર સે-૨ની મેડીકલ ટીમ દ્વારા વિદ્યાર્થીઓને કોવિડ-૧૯ રસીકરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રસી લઈ ખુદ સુરક્ષિત રહી દેશને સુરક્ષિત રાખવા સહયોગ આપી પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

# સહજાનંદ નર્સિંગ કોલેજ ખાતે મહિલાઓના અધિકારો અંગે માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ઝુંડાલમાં આજરોજ સહજાનંદ નર્સિંગ કોલેજ ખાતે વિમેન્સ ડેવલપમેન્ટ સેલ અંતર્ગત 'મહિલાઓને પોતાના અધિકારો એટલે શું..? અને તે કેવી રીતે મેળવી શકાય?' તે વિષયે વિશેષ માર્ગદર્શન મળે તે માટે સિધ્ધાર્થ લૉ કોલેજના પ્રિ.ડો.દિલીપ મેવાડા દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત મહિલાઓમાં સજાગતા આવે તેનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે કાર્યક્રમમાં ડો.સોનલ મેવાડા દ્વારા ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી અને પાણી બચાવો માટેની શપથ લેવડાવામાં આવ્યાં હતા. કોલેજના હેડ કલાર્ક ભુપેન્દ્રસિંહ શીખે વિદ્યાર્થીનીઓને જનરલ નોલેજનાના પ્રશ્નો પૂછી વિદ્યાર્થીનીઓ સાથે જ્ઞાનનું આદાન પ્રદાન કર્યું હતું. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ક્રિષ્નાબેન શ્રોફ અને કોલેજના સંસ્થાપક બ્રિજેશભાઈ પટેલ અને સ્ટાફ હાજર રહ્યા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચાર શાળાઓમાં નાસ્તા વિતરણ

ગાંધીનગર, તા.૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચાર શાળાઓમાં બાળકોને નાસ્તો કરાવાયો હતો. મધ્યાહ્ન ભોજન બંધ હોવાથી નાસ્તો બાળકો માટે ઉપયોગી બની રહ્યો હતો. ધોલવણી છાપરા તથા ગઢીયામાં વધારાનો નાસ્તો બીજા દિવસે પણ ઉપયોગમાં લેવાયો હતો.



# બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે રસીકરણ કેમ્પનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૬

બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે કોવીડ- ૧૯ વેક્સિન આપવાનો કાર્યક્રમ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વિધાર્થીઓનું ૧૦૦% સફળ રસીકરણ થયેલ છે. આ સફળ પ્રોગામમાં બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસના વિદ્યાર્થીઓએ અને બહારના વિધાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

કોવીડની મહામારીથી બચવા માટે રસીકરણ એજ ઉતમ ઉપાય છે. રસીકરણનું મહત્વ સમજાવવા માટે અને વિધાર્થીઓમાં રસીકરણ વિષે જાગ્રત્તા લાવવા માટે બાપુ ગુજરાત નોલેજ વિલેજ દ્વારા વિધાર્થીઓનું કાઉન્સીલિંગ પણ કરવામાં આવ્યું હતું. આ સફળ પ્રસંગ નિમિતે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તથા ડાયરેકટર પ્રો.રવિકુમાર આચાર્યશ્રી એ સર્વે વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દરજી પ્રવિણભાઈ કેશવલાલ, ઉ.વ. ૬૩, સેકટર-૨૪
- સ્વ. બિહોલા શણગારબેન મહોતજી, ઉ.વ. ૯૫, રતનપુર
- સ્વ. રાણા કમળાબેન તખતસિંહ, ઉ.વ. ૭૧, નવા ધરમપુર
- સ્વ. મકવાણા રમેશકુમાર જુગાજી, ઉ.વ. ૪૮, ઈન્દ્રોડા
- સ્વ. સોલંકી અમૃતબેન જેસંગજી, ઉ.વ. ૫૭, ડભોડા આનંદપુરા